

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*રૂઢિગત રિવાજોમાં સુપ્રીમ પથરા નાખે છે,*
*શાંત સરોવરે સર્જે વમળ, કાંકરા નાખે છે,*
*નાખે છે કાંટા પુરુષપ્રધાન ધાર્મિક માર્ગમાં -*
*જનમત જાણ્યા વિના, કાયદા આકરા નાખે છે...*

### હાઈકુ

*છે પ્રાકૃતિક!*
*મળ-મૂળ જેવું જ !*
*માસિક ધર્મ !!*

*પૂરાયાં કેદ*
*ગાડરિયા પ્રવાહે*
*વાડાબંધીમાં....*

*(એમાં અપવિત્રતા ક્યાંથી આવી?)(અંધશ્રદ્ધાનાં પડળ)*

### ચિંતન

**રામનામ તો રતન હૈ, જીવ જતન કરી રાખ,**
**જબ શંકટ શિરે આ પડે, તબ રાખે રઘુનાથ.**

ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

આપણે દુનિયાના લોકો સંસારમાં રહીને શું કાર્ય કરીએ છીએ ? સમૃદ્ધિ અને સુખસાહ્યબી પાછળ દોડવા સિવાય કંઈ જ કરતા નથી. સમૃદ્ધિ આવે એટલે ગાડી, વાડી અને બંગલા આજે અને પછી એ બધું જાળવવામાં અને તેનું જતન કરવામાં જ જિંદગીના અમૂલ્ય વરસો વીતી જાય છે. ખૂબ શ્રમ કરીને મેળવેલી આવી મૂડી અને સાહ્યબી માણવાનો સમય પણ રહેતો નથી.

જયારે અચાનક આ સંસારમાંથી વિદાય લેવાનો સમય આવશે ત્યારે એકઠી કરેલી સંપત્તિ અહીં જ છોડીને જવાની છે. છેલ્લે કશું કામ આવવાનું નથી કે સાથે આવવાનું નથી. માટે કબીર કહે છે કે ખરી મૂડી તો રામનામ છે. રત્નરૂપ એ મૂડીને હે માનવીઓ !! ખૂબ જગત કરી જાળવી રાખજો. જયારે તમારે માથે સંકટ આવશે ત્યારે રઘુનાથ જ તમને સહાય કરશે.

### સુવિચાર

- મોક્ષનો માર્ગ એટલે ? વિવેકમાંથી સદ્‌વિવેક, સદ્‌વિવેકમાંથી વિનય, વિનયમાંથી પરમ વિનય અને પરમ વિનયથી મોક્ષ!!! - **ડો. નીરુબહેન અમીન**
- કોનું સગું, કોનું ઘર, ને કોના મા ને બાપ, અંતઃકાળે જાવું એકલું ને સાથે પુણ્યને પાપ - **દોહો**
- સંતની પાસે જઈ સંત બનો, સંત ન બની શકો તો શાંત બનો - **જનકલ્યાણ**
- ઉકળતા પાણીને ઠંડુ કરવું હોય તો મહેનત કરવી પડે ? એ તો એના સ્વભાવથી જ ઠંડુ થાય છે - **આપ્તસૂત્ર**
- ખૂબ જોવું, ખૂબ વેઠવું, અને ખૂબ અભ્યાસ કરવો એ ભણતરના ત્રણ પાયા છે - **બેન્જામીન ડિઝરાયેલી**
- બહાદુરી એટલે ભયનો સામનો, ભયની ગેરહાજરી નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : અશ્વગંધાનાં ચૂર્ણને ગૌમૂત્ર સાથે પેસ્ટ બનાવી ગુમડા ઉપર લગાવવાથી ગુમડુ ફુટી તરત રૂઝ આવે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બાદશાહે રાજયને મોટું કરવામાં બીજા રાજયો પર આક્રમણ કરી સામ્રાજયનો વિસ્તાર કર્યો. ખૂબ સંપત્તિ ભેગી કરી. એકવાર બાદશાહ લટાર મારવા નગરમાં પગે ચાલતા નીકળ્યા. તો ચાર રસ્તા ઉપર એક ફકીર ગરીબોને દિનાર આપી રહ્યો હતો. બાદશાહને આવું જોઈ આશ્ચર્ય થયું. તે પણ ફકીર પાસે પહોંચ્યો. ફકીરે મુઠ્ઠી ભરી દિનાર બાદશાહને પણ આપી. આ જોઈને બાદશાહે કહ્યું, 'જનાબ, હું કંઈ ગરીબ નથી, હું તો બાદશાહ છું. આ સિક્કા મને શું કામ આપો છો?' ફકીરે કહ્યું, 'મને ખબર છે કે તમે બાદશાહ છો. છતાં મારી સમજ પ્રમાણે તો ગરીબ છો. એટલે મારે તમને દિનાર આપવી જ જોઈએ.' ફકીરની વાત વિરોધાભાસી વાત સાંભળી ફકીરને કહ્યું. 'મારી પાસે મોટું સામ્રાજય છે. મારી પાસે અપાર સંપત્તિ છે છતાં તમે મને ગરીબ શા માટે ગણો છો ?' ફકીર બોલ્યો, 'બાદશાહ, આપની પાસે ધનભંડાર, સામ્રાજય હોવા છતાં વધુ રાજયો અને સંપત્તિ મેળવવા બીજા રાજય - પર આક્રમણ કરો છો. જેમાં અનેક નિર્દોષ માણસો પણ માર્યા જાય છે. તમારી પાસે જે છે તેનાથી તમને સંતોષ નથી, આ તૃષ્ણા એ જ આપને ગરીબ બનાવ્યા છે.' બાદશાહની આંખો ઊઘડી અને તે દિવસથી રાજાએ પોતાના ધનને પ્રજાના કલ્યાણ માટે વાપરવા નિર્ણય કર્યો.

# મોંઘવારીથી દિવાળી ઝાંખી પડશે

**તંત્રીસ્થાનેથી...**

દિવાળીના સપરમા દિવસો એટલે આખા વરસનું સરવૈયું. આ તહેવારોની શૃંખલા સારી રીતે પસાર થઈ જાય એટલી જ સામાન્ય માણસની ઈચ્છા હોય. વરસ સારું ગયું એવા ધરવ સાથે એ પુનશ્ચ હરિઓમ્ કરી નવા વરસમાં પ્રવેશ કરે. ફરી પાછી એ જ માયાજાળ, એ જ વિટંબણાઓ. માણસ આવી પ્રતિકૂળતાઓથી ટેવાઈ ગયો છે. પરંતુ જો દિવાળી જ સરખી ન કરી શકે તો એને જીવતર ઝેર જેવું લાગવા માંડે છે. એક તરફ વૈભવની છોળો ઊડતી હોય, મુકેશ અંબાણી જેવા ધનકુબેરો દિવાળી ઊજવવા દૂરસુદૂર કોઈ દરિયાઈ ટાપુ વચ્ચે ઊભી કરેલી અલૌકિક વૈભવશાળી દુનિયામાં પહોંચી જાય અને અબજો રૂપિયા પાણીની જેમ વાપરી એમના અંગત એરક્રાફ્ટમાં પાછા ફરે અથવા આભ ઊંભા મહેલ એન્ટીલામાં લાખો-કરોડોના ખર્ચે રોશની કરે - ફટાકડા ફોડે ત્યારે સામાન્ય માનવી માટે દિવાળીના ચાર દિવસ પૂરતી બાળકોને રાજી રાખવા જોગ મીઠાઈ કે ફરસાણ દોહ્યલાં હોય તે કેવી વિડંબના ! કહેવા પૂરતા તો બેઉને ભારતના રાજબંધારણની રૂએ સરખા જ અધિકારો આપ્યા છે, પરંતુ જન્મથી મૃત્યુ પર્યંત કયાંક આ સરખાપણું નજરે પડે છે ખરું ? દિવાળી ધનકુબેરો માટે એમના વૈભવના જાહેર પ્રદર્શનનું ટાણું બની રહે છે જયારે સામાન્ય જણ માટે એ કરકસરપૂર્વક ઊજવી નાખવા જોગ ટાણું છે. પૂર્વ નાણાં ઉદ્યોગ મંત્રી પી. ચિદંબરમ જેવા મિનિટના હિસાબે ફી વસૂલતા અબજોપતિ વકીલ - નેતાને ચેન્નાઈ એરપોર્ટ પર દોઢસો રૂપિયામાં મળતો કોફીનો કપ મોંઘો પડ્યો, પણ એ તો મોદી સરકારના શાસનમાં મોંઘવારીના પ્રતીક તરીકે. સામાન્ય નાગરિક કદાચ શોખ ખાતર કે દુબઈ-કુવૈત જેવા ખાડીના દેશોમાં મજૂરી મેળવવા જતા ભારતીય નાગરિકો મજબૂરીપૂર્વક હવાઈ મુસાફરી કરતા હોય છે ત્યારે એ એરપોર્ટ પર આવી મોંઘી કૉફી પીવાનું સ્વપ્ને પણ નથી વિચારતા. અરુણ જેટલી મોંઘવારી પર કાબૂ મેળવી લીધાનાં ખોટાં આશ્વાસનો આપતા રહે છે ત્યારે રિઝર્વ બેન્કના ગર્વનર દૂંટીની વાત ઓકી નાખે છે એ કહે છે કે દિવાળી વખતે આવી અસહ્ય મોંઘવારી આપણી અર્થવ્યવસ્થાની ચિંતાજનક બાબત છે. પેટ્રોલ - ડીઝલના ભાવ થોડા ઘટાડ્યા છતાં કોઈ ફરક નથી પડ્યો, કારણ કે ક્રુડ પર આપણો કાબૂ નથી. દેશ આવી કારમી મોંઘવારીમાં ભીંસાઈ રહ્યો છે ત્યારે નેતાઓ અબજોનું આંધણ કરી મહોત્સવો અને ઉદ્‌ઘાટનો યોજી રહ્યા છે અને પ્રજા દિવાળી કેવી રીતે કરવી એની પળોજણમાં પડી છે. મોંઘવારીને નાથવાનાં ગળચટાં વચન આપી સત્તા પર આવેલા સત્તાધીશો સામે રાવ પણ કોને કરવી ? એ તો એમની આગવી અદામાં હજી આવનારાં પાંચ વર્ષો માટેનાં વચનોનું પેકેજ લઈને જ ફરવાના. દેશમાં કોઈ નાગું-ભૂખ્યું નહીં રહે, દરેકના માથે છાપરું હશે, દરેક ઘરમાં શૌચાલય હશે. દરેક બિમાર માણસને હાઈફાઈ હોસ્પિટલમાં મફત સારવાર મળશે. દરેક ગામને વીજળી અને રસ્તો મળશે અને ખેડૂતોની આવક તો બમણી થઈ જશે, કોઈ હાથ નવરો નહીં રહે - વગેરે વગેરે... એ પૈકીનું કોઈ વચન કદાચ પૂરું નયે થાય - ગડકરીએ કહ્યું એમ એ ચૂંટણી જુમલો બની જાય તો પણ અયોધ્યામાં રામમંદિર તો જરૂર બનશે ! - પ્રજા સાથે સતત આવી જ છેતરપિંડી થતી રહી છે, તે કોણ નથી જાણતું ? આખરે આપણે વિશ્વની સૌથી મોટી લોકશાહી છીએ !

# શરદપૂનમની રાત્રીની એ ઘટનાથી એ ફરી રોમાંચિત થઈ



## અજવાળું - અજવાળું

તુષાર જોશી

'ચાંદ સી મહેબૂબા હો મેરી... મેરે પહેલે પ્યાર કે નામ યે ગાના ગા' દો દોસ્ત....' 'ચાંદ કો ક્યા માલૂમ ચાહતા હૈ ઉસે કોઈ ચકોર...' આ ગીતની ફરમાઈશ ઉપર કોઈએ કહ્યું, લ્યા આને હજી પ્રેમનો ધૂણો પ્રગટ છે હો !!

તો કોઈએ વળી વિદેશ ગયેલા પ્રિયતમ માટે ગવડાવ્યું.... 'ચંદા રે મોર પતીયાં લે જા...' અને એકાએક ઓડિયન્સમાથી સુરભિ સ્ટેજ પર આવી... માઈક હાથમાં લઈને નિલિમાને જ પુછ્યું, 'મેડમ હવે તમે આ તમારા ચાંદ માટે કાંઈ કહો ...?'

શરદપૂનમની રાત હતી. મહાનગરના એક વિશાળ બંગલમાં સંગીતપ્રેમી શ્રેષ્ઠીને ત્યાં ઊંધીયું - પુરી ફાફડા ને દૂધપૌંઆના ભોજન સાથે સંગીતની મહેફીલ હતી. પ્રસિદ્ધ કલાકારો નિલિમા અને તેના પતિ પ્રતિક સ્ટેજ પરથી ગીતો રજૂ કરી રહ્યા હતા. માંડ સવાસો શ્રોતાઓની અંગત મહેફીલમાં મજાક-મસ્તી - શાયરી - વાતો સાથે ગીતો ગવાઈ રહ્યા હતા ને નિલિમાની સખી સુરભિએ નિલિમાને પ્રશ્ન કર્યો.... ઉત્તરમાં એ થોડા ધર્મો પાછળ સહજ આનંદરૂપે સરી પડી જાણે.

રૂઢિચુસ્ત અને છતાં ખુલ્લા મનના પરિવારમાં એનો ઉછેર - સંગીત - સાહિત્ય - નૃત્ય બહુ ગમે.... કૉલેજમાં એડમિશન લીધું. કોમ્પ્યુટર એન્જીનીયરના ક્ષેત્રમાં એટલે ભણવાનું અને કૉલેજથી સીધા ઘરે જવાનું... એને ખબર હતી કે ઘરની રૂપાળી - ગુણિયલ દીકરી માટે પરિવારને કેટલી ચિંતા હોય !!

એવામાં એનો પરિચય થયો થર્ડ યરમાં ભણતા પ્રતિક સાથે.... પહેલી નજરે જ બંનેને લાગ્યું, 'હવે અમે એકબીજાનો પરિચય નહિ કરીએ તો નહિ ચાલે...' તે પરિચય થયો - નિકટતા કેળવાઈ - ડાહી અને સમજુ દીકરી નિલિમાએ પોતાની રીતે એના વિશેની બધી જ જાણકારી મેળવી લીધી, પછી પાક્કી દોસ્તી કરી અને એ પણ મમ્મી-પપ્પાની અનુમતી સાથે. મિત્રો સાથે ધમાલ-મસ્તી, સિનેકા કે કાર્યક્રમો જોવા જવું, એકબીજાના પરિવાર સાથે લંચ કે ડીનરમાં મળવું, આ બધું સાહજિક થતું ગયું. એના મમ્મી-પપ્પાને પણ દોઢ-બે વર્ષના પરિચયમાં ખાત્રી થઈ પ્રતિકના વાણી - વર્તન - વ્યવહારમાં સમાયેલા ચારિત્ર્ય અને ઈમાનદારી જેવા સદગુણોની. પરિણામે પ્રતિકે આ પરિવારનો પૂર્ણ વિશ્વાસ પ્રાપ્ત કરી લીધો.

પ્રતિકે ગીટાર વગાડવાના એના શોખને વ્યવસાયમાં પણ પરિવર્તિત કર્યો અને નિલિમા એની સાથે જોડાઈ. એક સૂરીલી ગાયિકા રૂપે... બંનેની સ્વતંત્ર ઓળખ ઊભી થઈ ગઈ એમના શહેરમાં અને બહારગામ પણ...

આવી જ એક શરદપૂનમની રાત્રે કોઈના ફાર્મહાઉસમાં કાર્યક્રમ પ્રસ્તુતિ માટે બંને ગયા હતા. એમની ટીમને લઈને.... હજૂ કાર્યક્રમને વાર હતી એટલે બંને ફાર્મમમાં કેડી પર થોડે દૂર ચાલવા નીકળ્યા તા. ઉપર આકાશમાં ચાંદની વરસતી હતી અને નીચે નિલિમાના રૂપની ગરવાઈ જાણે વુ શોભિત થઈ રહી હતી. એવામાં અચાનક પગમાં ઠેસ આવી અને નિલિમા ગબડી... પણ સાથે જ ચાલી રહેલા પ્રતિકે જાણે ફિલ્મી સ્ટાઈલમાં જ એને ઝીલી લીધી. ગભરાયેલી નિલિમા વળગી પડી પ્રતિકને બે - ત્રણ મિનિટ બધું જ નિઃસ્તબ્ધ હતું... 'સારું થયું તે મને પડવા ન દીધી.' નિલિમાએ કહ્યું... પ્રતિકે જવાબ આપ્યો, 'સાચો મિત્ર જ એ છે જે હંમશા મિત્રોને ઝીલવાનું કામ કરે છે.' એ ક્ષણે આવેગ કે આવેશમાં ઘણું બધું બની શક્યું હોય પરંતુ પ્રતિકે હંમશ મુજબ દાખવેલી એની સ્વસ્થતા, સંસ્કાર વિવેક અને વ્યવહાર જેવા સદ્‌ગુણોને કારણે નિલિમાના હૈયામાં પ્રતિક માટેનું સન્માન હવે પ્રેમમાં પરિવર્તિત થઈ ચૂક્યું હતું. અને પ્રથમવાર પ્રેમની અનુભૂતિ થવા માંડી હતી. આછકલાઈ વિનાનું - પ્રેમાળ અને સાહજિક વર્તન આખરે નિલિમાને પ્રતિક સાથે લગ્નની મંગલવેદી સુધી લઈ ગયું... કોઈને પણ મીઠી ઈર્ષ્યા થાય એવું એન્જીનીયરીંગ અને સંગીત ક્ષેત્રનું એમનું જીવન બની રહ્યું હતું. ગુલાબના અને જૂઈના ફૂલ જેવી મહેકતી દીકરી જન્મી પરિવારમાં ને એ પણ આજે ધોરણ દસમા અભ્યાસ કરતી થઈ છે.

સુરભીએ એક નાનકડો સ્મૃતિનો તાર છેડ્યો અને નિલિમા વર્ષો પહેલાંની શરદપૂનમની રાત્રીની એ ઘટનાથી જાણે ફરી રોમાંચિત થઈ ગઈ... બંનેએ સાથે ફરી ગીતો ગાવાનું શરૂ કર્યું....

'નૈનકા ચૈન ચુરાકર લે ગઈ....
એક રાતમેં દો દો ચાંદ ખીલે...
યે રાત યે ચાંદની ફિર કહાં....'

અવકાશમાંથી ચાંદની વરસતી હતી, દૂધપૌંઆની થાળીઓ પર એ શિતળતા પ્રસરાવી રહી હતી અને આ તરફ નિલિમા - પ્રતિક ચાંદનીના મદભર્યા ગીતો થકી અજવાળું રેલાવી રહ્યા હતા.

# ક્યાં કરે ક્યાં ના કરે, યે કેરી મુશ્કીલ હાય...



## વિચારયાત્રા

ડો. જય ઓઝા

આફત શું છે ? ક્યાં કોની સાથે કેવો વ્યવહાર કરવો તેની પળોજણ છે. સાચે જ યાર ! અહીંયા સૌથી મોટી મુશ્કેલી જ આ છે, કે ક્યારે કયો વ્યક્તિ કયું મ્હોરું પ્હેરીને આપણી સામે ઊભો રહે છે. સાલી તે જ ખબર પડતી નથી.

વડીલો કહી ગયા કે, હંમેશા સત્યના માર્ગે ચાલો, સદાય ધર્મમય બનો. પણ તેમને કેવી રીતે સમજાવવા કે હવે સમય બદલાઈ ગયો છે, એ ક જ રસ્તે ચાલી શકાય તેવો સમાજ અને સમાજના લોકો રહ્યા નથી. હા ! આદર્શવાદી સત્યનિષ્ઠ અને સદાચારી લોકો આ 'નરો વા કુંજરો વા' વાળા માર્ગને છટકબારી તરીકે ઓળખાવશે... અને ઉપદેશ પણ આપી દેશે કે એવું કશું અશક્ય આ દુનિયામાં નથી જે ન કરી શકાય. આપણે સત્ય અને અહિંસાના માર્ગે ચાલી જ શકીએ...

અપર યુગમાં સત્યવાન ધર્મવાન યુધિષ્ઠિરને પણ જો 'નરો વા કુંજરો વા' કરવું પડતું હોય તો, આજના કલિયુગમાં મારા-તમારા જેવા પામર મનુષ્યો માટે તો એકધારું સત્યના માર્ગે ચાલવું અશક્ય જ બની રહે ને !

માટે જે ધર્મધુરંધર અને સત્યાગ્રહી વ્યક્તિઓને લાગતું હોય કે ગમે તે પરિસ્થિતિમાં અમે તો અટલ અચળ બનીને, યુધિષ્ઠિરથી પણ સવાયા બનીને, સતત સત્યના માર્ગે ચાલી શકીએ છીએ, તેવા ધુરંધર વ્યક્તિત્વ આ લેખ - પામર માનવે લખેલ આ લેખ ન વાંચે. આ વાત તો મારા અને મારા જેવા એવા અઢળક સાધારણ લોકો માટે છે, જેઓ વારંવાર એવી અવઢવમાં અટવાઈ પડતા હોય છે કે, અત્યારે સત્ય ઉચ્ચારવું, અર્ધસત્ય ઉચ્ચારવું કે અસત્યનો આશરો લેવો ?

ના ના ! બહુ ભારેખમ અને ગહન દાર્શનિક વાત નથી કરવી. ખૂબ જ સરળ વાત છે. આપણું અસત્ય ક્યારેક આપણી માટે ખૂબ આવશ્યક હોય છે. કોઈ જડસુ અને અવાસ્તવવાદી સામે અમુક પરિસ્થિતિઓમાં આપણું અસત્ય ભાષણ વરદાનરુપ બની જાય છે.

બસ મુશ્કેલી એ છે કે, આવી પરિસ્થિતિઓને ઓળખવામાં કાં તો આપણે થાપ ખાઈ જઈએ છીએ, અથવા તો વારંવાર આવી પરિસ્થિતિવશ લાચાર બની જવાની ટેકણલાકડીનો ઉપયોગ કરવાની કુટેવ પડી જાય છે.

માનવસહજ દોષ તો આમાં આપણા બધાનો રહેવાનો જ છે. પરંતુ બીજી કપરી બાબત એ છે કે, જિંદગી એક જ પરીક્ષા અલગ અલગ અભ્યાસક્રમ સાથે વારંવાર લે છે, એટલે આગળની પરીક્ષામાં જે સમાજથી જવાબ આપ્યા હોય તે જ પદ્ધતિ જો બીજી વખત વાપરવા જઈએ તો ખતા ખાવી પડે છે...

જેમ કે એક જ વ્યક્તિ આપણી સમક્ષ આપણા જીવનમાં ક્યારેક ખૂબ ઉપયોગી લાગતી હોય પરંતુ તે જ વ્યક્તિ પરિસ્થિતિ વશ આપણી સમક્ષ થોડા અણગમતા ચહેરા સાથે આવે ત્યારે તત્કાલ પ્રતિક્રિયા આપીને તેની સાથે ઘર્ષણમાં આવી જવું કે પછી ખતા ખાઈ જઈને સહન કરી લેવું, તેવી અવઢવ થતી હોય છે.

સામા વ્યક્તિની સાચી ઓળખ આપણે મેળવી લીધી છે કે પછી ઉપલક દૃષ્ટિએ જ આપણએ ત્વરિત નિર્ણય પર પહોંચી ગયા છીએ તે આપણે સ્વયં નક્કી કરવું પડતું હોય છે, અને આ જ જો અને તો વાળી પળોમાં આપણાથી કોઈને કોઈ ઉતાવળીયો ખોટો નિર્ણય લઈ લેવાની મૂર્ખામી કરી બેસીએ.

ઘણીવાર ત્વરિત પ્રતિક્રિયા ન આપીને કાયરમાં ખપાવાની ભીતિ પણ હોય છે, ચોક્કસ આઘાત સામે પ્રતિઘાત ન આપીને ઘણીવાર આપણે આપણી જાતને છેતરાયેલા કે અશક્ત માનતા હોઈએ છીએ, પણ ચૂપ રહેવું એ નિર્બળતા નથી હોતી પરંતુ બમણી તાકાત પણ હોય છે.

આપણે ઉતાવળ કરીએ કોઈ નિર્ણય પર પહોંચી જઈએ, અને કદાચ પરિસ્થિતિવશ કોઈ સ્વજન કોઈ વખત આપણા આકલન મુજબ ન વર્તે ત્યારે દુઃખી થઈને જજમેન્ટસ બન્યા વગર મૌન રહીને પરિસ્થિતિને તાગવી જોઈએ.

કદાચ અગાઉ કહ્યું તેમ આપણા મૌનને આપણી નબળાઈ માની લેવામાં આવે તો મૂંઝાવું નહીં. કારણ કે જો કોઈક માત્ર ને માત્ર સંજોગાવશાત્ જ આપણી તરફી અણછાજતું વર્તન કરતું હોય તો તેમને માફ કરવા જોઈએ. અને જો કોઈ વારંવાર આપણું અપમાન કરતું હોય, અને એકાધિક વખત તેમનું અતડાપણું આપણને આહત કરતું હોય તો પણ તેવા વ્યક્તિ પ્રત્યે કોઈ જ પ્રત્યાઘાત આપવાનું કોઈ કારણ નથી, કોઈ મતલબ જ નથી એવો સ્વાર્થી અને દોગલા વ્યક્તિ માટે આપણી કોઈ પણ ભાવના વ્યક્ત કરવાનું. ઘૃણા, ગુસ્સો જેવી ભાવના પણ તેમના તરફ વ્યક્ત કરીને આપણે તેમને મહત્ત્વ આપીએ તેના કરતા તો તેમને નજરઅંદાજ કરવા એ જ આપણી માટે હિતકારક છે.

કારણ કે હમણાં જ વોટ્સએપ પર નાનકડી પણ ખૂબ ગહન પંક્તિઓ વાંચી હતી... કંઈ જ રીક્ટ ન કરવું એ હંમેશા હાર નથી હોતી... સમજણ પણ હોય શકે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# જે સૌને મિત્ર કહેતો ફરે છે એ કોઈનો મિત્ર નથી...



## આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

બપોરનો સમય હતો. ઘ-ર્ના બસ સ્ટેન્ડ ઉપર એકલ-દોકલ વ્યક્તિઓ બસની રાહ જોતા ઊભા હતા. બે ભાઈઓ પાંચ-દસ મિનિટ બસ સ્ટેન્ડના બાંકડે બેઠા હતા. એમાંથી એક ભાઈ જરા વાચાળ પ્રકૃતિના હતા. લાંબો સમય વાતો કર્યા વગર બેસવું એમના સ્વભાવમાં ન હતું. બન્ને મુસાફર ભાઈઓ વચ્ચે ઔપચારિક ઓળખાણ થઈ અને વાત-વાતમાં મૈત્રીનો વિષય છેડાયો. સાચા મિત્રો અને નિકટના મિત્રો ઉપર ફિલોસોફીકલ ચર્ચાઓ ચાલી. અચાનક પેલા બહુ ચર્ચા કરતાં ભાઈને પૂછ્યું 'તમારે કેટલા મિત્રો છે ?'

પેલા વાચાળ ભાઈએ કહ્યું 'મારે તો ઘણા મિત્રો છે?' એ ભાઈ આમ પણ નગરના કોઈ પણ કાર્યક્રમમાં હાજર હોય જ. એટલું જ નહીં એમની હાજરીની સોશ્યલ મીડિયા અને અન્ય રીતે જાણકારી લોકોને મળે એ માટે એ સજ્જન પૂરતા સભાન પણ ખરા. પેલા ભાઈએ ફરી પૂછ્યું, 'તમારા ચારેક મિત્રોના નામ આપો તો.' હવે પેલા વાચાળ ભાઈ થોડા મુંઝાયા. ફેસ સેવિંગ માટે એમણે આઠ દસ નામ ફટાફટ આપ્યા ખરા પણ એમનો ચહેરો સ્પષ્ટ કહેતો હતો કે, એ નામ માત્ર ઓળખાણ પુરતા હતા. હું આ લોકોને ઓળખુ છું એ પ્રકારની કીર્તિના કટોરામાં ટુકડા નાખવા પૂરતા જ એ બધા નામો હતા.

ઉપરની વાસ્તવિક ઘટના હવાના એક જોરદાર સુસવાટાની માફક હૃદય ઉપરના આવરણો અને સુકા પાનને ઉડાડીને સાફ કરી નાખે એવી છે. આપણે બધા લગભગ મિત્ર વિહોણા થઈને ઊભા છીએ. મજાની વાત તો એ છે કે, આ વાતનો આપણને અહેસાસ સુદ્ધા પણ નથી થતો. કાર્યક્રમો અને કીર્તિની ભીડભાડમાં એટલા ભરાઈ ગયા હોઈએ છીએ કે, મિત્ર નામનો અહેસાસ નામશેષ થતો જાય છે. એમ લાગે છે કે, દુનિયા સાવ એકલી અટુલી થઈ ગઈ છે. લોકો ભીડમાં પણ એકલા ફરી રહ્યા છે. સાચા મિત્રનો ખાલીપો હૃદયના એક ખૂણે ડાચુ ફાડીને દિન પ્રતિદિન સતત વિકરાળ બનતો જાય છે. જે સૌનો મિત્ર છે એ કોઈનો મિત્ર નથી.

જન્મ લેતાંની સાથે ઈશ્વરદત્ત સંબંધોની ભરમાળ પેદા થઈ જતી હોય છે. પણ દોસ્તી એક માત્ર એવો સંબંધ છે, જે વ્યક્તિ પોતાની મરજી અને મહોબ્બતથી બનાવતો હોય છે. એક સુહાની અને પ્યારી મિત્રતા આત્માનો હાઈજેનિક ખોરાક છે. સાચી મિત્રતા આત્માને હંમેશા તાજા ખીલેલા ફુલની જેમ તરોતાજા રાખે છે. પણ મિત્રોની ખોટ કેમ મહેસુસ થાય છે એ ક્યારેય જાણવાની હૃદયપૂર્વક કોશિષ થાય છે ખરી ?

**માના દોસ્ત, આજ હમારી મંજીલે અલગ હૈ**
**પર હમારે બચપન કી યાદો કે રાસ્તે એક હૈ**

બે ખૂબ સારા ભાઈબંધો હતાં. બન્ને વચ્ચે અદભુત સ્નેહનું બંધન હતું. સમય જતાં બન્ને પોત-પોતાના ક્ષેત્રમાં ખૂબ આગળ વધતા જતા હતા. એકબીજાની પ્રગતિ અને વધતાં બાહ્ય સંપર્કોએ ખુબ ભૂમિકા ભજવી. એક જમાનામાં દરેક સારા માઠા પ્રસંગે સાથે રહેતા ભાઈબંધો હવે એક બીજાની હાજરીમાં અત્યંત ઔપચારિક બની ગયા હતાં. પ્રેમ, લાગણી, ત્યાગ અને ભાતૃભાવની ભિનાશનું દુર દુર સુધી નામોનિશાન દેખાતું નથી. મિત્રતા અને પૈસાનો સંબંધ તેલ અને પાણી જેવો છે. ક્યારેય એનો મેળ ન બેસે. દોસ્ત તો પ્રેમનું પ્રાગટ્ય સ્વરૂપ છે. મિત્રતા તો પેદા થતી હોય છે. બનાવી નથી શકાતી. સત્તા, પૈસા અને ભીડ તો સંપર્કો છે મિત્રતા થોડી છે.

એક મજબૂત મૈત્રી રોજ મળવા અને વાતો કરવાની કે સાથે રહેવાની મોહતાજ ક્યારેય નથી હોતી. જ્યાં સુધી એક સાચી લગન અને લાગણીપૂર્વકની કસક દિલમાં જીવિત હોય ત્યાં સુધી દોસ્ત ક્યારેય દિલથી અલગ ન હોઈ શકે. તમારા હૃદયના આંસુઓની પરખ સમજનારો, તમારા સ્મિતને જાણવાવાળા હજારો લોકો કરતા અનેકગણો મુલ્યવાન છે. સેકંડ વર્લ્ડ વોર માં બ્રિટીશ હોમગાર્ડના કેપ્ટન રહી ચૂકેલા 'ટેડ્ડીબેર બીન્ની ધ પુહ' પુસ્તક અને સંવેદનશીલ કાવ્ય રચનાઓથી વિશ્વમાં જાણીતા બનેલા બ્રિટીશ ઓથર એ. એ. મિલન મિત્રને સંબોધીને કહે છે કે, 'જો તું સો વર્ષ જીવવાનો હોય તો હું સો વર્ષમાં એક દિવસ ઓછું જીવવાનું પસંદ કરીશ કારણ કે, દોસ્ત તારા વગરની દુનિયા મારે નથી જોવી.'

મિત્રતાની કોઈ ભાષા નથી એ તો જીવનનો અર્થ છે. દોસ્ત તો બે શરીરમાં મોજથી વિસ્તરતું આત્માનું અલૌકિક સ્વરૂપ છે. દોસ્તી અને શિષ્ટાચાર સુખના શિખર ઉપર જ્યાં લઈ જઈ શકે છે ત્યાં દોલત અને દંભ એની તળેટીની આસપાસ પણ નથી ફરકી શકતા.

આજકાલ કોઈને કોઈની દોસ્તી ઉપર વિશ્વાસ નથી રહ્યો. હૃદયના ઉંડાણની વ્યથા કે આનંદનો ટહુકાર વહેંચી નથી શકતા. બ્રાઝીલીયન બેસ્ટ સેલર પોલો કોહેલો કહે છે કે, આપણામાંથી કોઈને નથી ખબર કે આગલી ક્ષણે શું થવાનું છે છતાં પણ જીવન ઉપર ભરોસો રાખીને આગળ વધીએ છીએ. આપણી ભરોસો રાખવાની શક્તિ જ આપણા જીવનનું મુખ્ય ચાલકબળ છે. દોસ્ત ઉપરનો ભરોસો દોસ્તીનો પ્રાણ છે. જે ભરોસામાં વિશ્વાસ નથી રાખતા એની ઉપર ભરોસો ક્યારેય ન કરી શકાય. જીવનના હાઈ-વે ઉપર ઘણા લોકો આવતા હોય છે અને જતા હોય છે. બસ, એમાંથી તારવણી કરીને ભરોસાને લાયક વ્યક્તિ જોઈને એનામાં વિશ્વાસ મૂકવાની હિંમત થાય તો મિત્રતાની મહેક આવી શકે છે. સંભવતઃ ક્યારેક ભરોસો ચકનાચૂર પણ થાય એના ડરથી ભરોસાની છાતીમાં ખંજર ન ભોંકાય.

અંગત કીર્તિ, આર્થિક લાભની ચાહત દોસ્તીનો આંચળો ઓઢીને ડોળા ફાડીને ઊભો રહેતો રાક્ષસ છે. મૈત્રી તો ત્યાગ માંગે છે. નિઃસ્વાર્થ સમય માંગે છે. જીવનની ખરી ખુશી તો તમે શું આપી શકો છો એમાં સમાયેલી હોય છે. કોઈપણ વ્યક્તિ પોતાના માટે સુંદર મજાનું ફુલ નથી ખિલવતો. ફુલનું સૌંદર્ય તો બીજા સાથે મળીને માણવા માટે સર્જાયું હોય છે. આનંદની વૃદ્ધિ તો મિત્રો સાથે સૌંદર્ય વહેંચવામાં હોય છે. કશું પણ મેળવતા પહેલાં આપતાં શીખવું પડે.

ગૌતમ બુદ્ધ કહેતા કે, જંગલી અને ખુંખાર જાનવરથી પણ વધારે મિત્રના આડમાં પનપતા એક કપટી, દુષ્ટ અને કીર્તિભુખ્યા વરૂ જેવા વ્યક્તિથી ડરવું જોઈએ. જંગલી જાનવર તો માત્ર શારીરિક હાની પહોંચાડતું હોય છે પણ દુષ્ટ મિત્ર બુદ્ધિ અને આત્માને ભ્રષ્ટ કરી નાખતો હોય છે. મિત્ર તો તમે જેવા છો એ સ્વરૂપે સ્વીકારીને માત્ર મહોબ્બત કરે. એને અપેક્ષા અને ઉપેક્ષા સાથે કોઈ લેવા દેવા જ ન હોય.

જીવનના કોઈપણ પડાવ ઉપર તમને સમજનારો એક દોસ્ત મળી જાય એટલે બે જણમાં આખું વિશ્વ સમેટાઈને આવી જાય. અહેમદ ફરાઝ મઝા દોસ્તની વાત કરતા કહે છે કે, જીવનમાં મને માત્ર આ જ તો મળ્યું છે, તું બહુ સમય પછી મળ્યો, જીવનમાં સમજદાર હમસફર જોઈએ ટોળા નહીં. એક સાચો મિત્ર પણ હજારોનો કાફલો બની શકે છે. ઓળખાણો અને ઔપચારિક કાર્યક્રમોમાં થયેલી વાતચીતને ભાઈબંધી કહેનારા મુર્ખોની સભામાં મહાલવા કરતાં લાગણીઓને સમજતો એકાદ મિત્ર હજારોની ગરજ સારતો હોય છે. બાકી તો હજારોની ભીડમાં પણ માણસ એકલો હોય છે.

**ધબકાર :**

જે વ્યક્તિ તમારી સાથે દિલ ખોલીને વાત કરતો હોય એની સાથે દિમાગથી વાત કરવાની ભુલ ક્યારેય ન કરવી.